Seat NO: .............. No of printed pages : 03

[A-51]

# SARDAR PATEL UNIVERSITY

**T.Y.B.A (External Old Course)Examination**
**Tuesday, 20th July 2021**
**02.00 P.M. to 04.00 P.M.**
**GUJ : 309 Gujarati Literature Paper : 9**
**અપઠિત લેખન – પરિશીલન (અનસીન)**

**નોંધ : જમણી બાજુ દર્શાવેલ અંક પ્રશ્નના ગુણ સૂચવે છે.** **કુલ ગુણ : ૭૦**

**પ્રશ્ન -૧ નીચે આપેલી પંક્તિનો અર્થ વિસ્તાર કરો. (કોઈપણ બે)** **(૧૭)**

(૧) 'સૌંદર્ય શોભે છે શીલથી
ને યૌવન શોભે છે સંયમ વડે.'

(૨) નમતાંથી સૌ કો રીઝે, નમતાંને બહુ માન,
સાગરને નદીઓ ભજે, છોડી ઊંચાં સ્થાન.

(૩) સૌંદર્યો વેડફી દેતાં, ના ના સુંદરતા મળે,
સૌંદર્યો પામતાં પહેલાં, સૌંદર્ય બનવું પડે.

(૪) તને મેં ઝંખી છે –
યુગોથી ધીખેલા પ્રખર સહરાની તરસથી.

**પ્રશ્ન -૨ નીચેના કાવ્યનું રસદર્શન કરાવો.** **(૧૮)**

**સાગર અને શશી**

આજ મહારાજ ! જલ પર ઉદય જોઈને
ચંદ્રનો, હૃદયમાં હર્ષ જામે,
સ્નેહધન કુસુમવન વિમલ પરિમલ ગહન
નિજ ગગન માંહિ ઉત્કર્ષ પામે;
પિતા ! કાલના સર્વ સંતાપ શામે !
નવલ રસ ધવલ તવ નેત્ર સામે !
પિતા ! કાલના સર્વ સંતાપ શામે !
જલધિજલદલ ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસર માંહિ સરતી;
કામિની કોકિલા કેલિ કૂજન કરે,
સાગરે ભાસતી ભવ્ય ભરતી,
પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી
તરલ તરણી સમી સરલ તરતી !
પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી

**-કાન્ત**

**અથવા**



P.T.O

પ્રશ્ન -૨ નીચેના કાવ્યનું રસદર્શન કરાવો.

એક બપોરે
મારા ખેતરને શેઢેથી
'લ્યા ઊડી ગઈ સારસી !
મા,
ઢોચકીમાં છાશ પાછી રેડી દે.
રોટલાને બાંધી દે.
આ ચલમની તમાકુમાં કસ નથી;
ઠારી દે આ તાપણીમાં
ભારવેલો અગની.
મને મહુડીની છાંય તળે
પડી રહેવા દે.
ભલે આખું આભ રેલી જાય,
ગળા સમું ઘાસ ઊગી જાય,
અલે એઈ
બળદને હળે હવે જોતરીશ નંઈ...
મારા ખેતરને શેઢેથી

-રાવજી પટેલ

પ્રશ્ન- ૩ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૧૭)

માન્ય ભાષાના વિષયમાં આપણને એક વાત હંમેશા મૂંઝવી રહી છે : આપણે સવાસો વર્ષથી લખતાં વાંચતાં આવ્યાં છીએ તે ભાષા કે એનું ઉચ્ચારણ કરીએ છીએ તે ભાષા ? જો આપણે 'ભાષા' સંજ્ઞા તરફ જોઈશું તો શંકા જ રહેતી નથી કે બોલાય છે તે 'ભાષા' છે; લેખન તો એને નોંધી રાખવાનું –ટપકાવી રાખવાનું જ માત્ર કાર્ય કરે છે. શુદ્ધ માન્ય ભાષા પણ આપણે બોલીએ છીએ તે જ પ્રમાણે લેખનમાં બતાવી શકાતી નથી. બધાં ઉચ્ચારણોને, વજન કે ભારને, અર્થાનુસારી ઉચ્ચ-નીચ સ્વરોચ્ચારણ, અને કેટલાક વ્યંજનોનાં ઉચ્ચારણોને પણ આપણે લેખનમાં ક્યાં બતાવી શકીએ છીએ ? બતાવવું સર્વાંશે શક્ય જ નથી. પછી લેખનમાં પણ વ્યવસ્થા જળવાઈ રહે એ માટે 'જોડણી'ના અમુક નિયમોને આપણે માન્યતા આપી 'એકધારાપણું' જાળવવાની દિશામાં એક શિસ્ત સ્વીકારી છે

-કે.કા.શાસ્ત્રી

અથવા

પ્રશ્ન- ૩ નીચેના ગદ્યખંડનો સાર- સંક્ષેપ લખી, યોગ્ય શીર્ષક આપો.

કુદરત માણસને જીવન બક્ષે છે. એ જીવનને શુદ્ધ, સમૃદ્ધ, પ્રસન્ન, ગંભીર અને વૈવિધ્યપૂર્ણ બનાવવાના પ્રયત્નમાં માણસે સંસ્કૃતિ ખીલવી છે. પથ્થરમાંથી જેમ મૂર્તિ બનાવીએ છીએ, ધ્વનિમાંથી સંગીત ઉપજાવીએ છીએ, ઘર્ષણમાંથી જેમ જ્વાળા ઉત્પન્ન કરીએ છીએ, તેમ જ જીવનમાંથી સંસ્કૃતિ ખીલવીએ છીએ. જીવન એ પ્રકૃતિ છે. સંસ્કૃતિ એ એનો ઓપ છે. જીવન જો સંસ્કારિતાનો ઓપ ધારણ ન કરે તો એ પરિપૃષ્ટ હોવા છતાં કૃતાર્થ ન થઈ શકે અને સંસ્કૃતિ જો જીવનને વફાદાર ન રહે તો એમાં પોલાપણું આવે, એટલું જ નહિ પણ વિકૃતિ પેદા થઈને દુર્ગંધ જ છૂટે, જો જીવન ધરતી હોય તો સંસ્કૃતિ સ્વર્ગ છે. એ બે વચ્ચે જો અનુસંધાન ન સધાય તો બંને વ્યર્થ થઈ જાય.

-ફાધર વાલેસ

પ્રશ્ન-૪ (અ) નીચે આપેલાં કોઈપણ બે છંદનું બંધારણ દૃષ્ટાંત આપી સમજાવો. (૯)

પૃથ્વી, શાર્દૂલવિક્રીડિત, ચોપાઈ, દોહરો

(બ) નીચે આપેલાં કોઈપણ બે અલંકાર ઉદાહરણ સહિત સમજાવો. (૯)

ઉપમા, શબ્દાનુપ્રાસ, અતિશયોક્તિ, સજીવારોપણ

—x—